સ્મૃતિ
લઈ જાય છે ભૂતકાળ તરફ
અને વર્તમાનને કરે છે
ક્યારેક સ્પંદિત
ક્યારેક આંદોલિત
ક્યારેક ક્ષુબ્ધ
તો ક્યારેક વિચલિત.
જેમ કંકર પડે જલમાં.

અલબત્ત,
અસ્થિર જલમાં નથી પડતું સ્પષ્ટ પ્રતિબિંબ.

સ્મૃતિ ક્યારેક ઉઝરડાય પાડે છે
પસાર થતાં મન પર ને
ક્યારેક યાદ પણ કરાવે છે
હૃદય પરના લોહીઝાણ ટશિયા.

સ્મૃતિ ક્યારેક સુગંધિત પણ કરે છે વર્તમાનને
કોઈ સૂકું ફૂલ મહેકી ઊઠે ડાયરીનાં પાનાં વચ્ચે, તેમ.
અને રચાય છે સુરેખ છબિ
એ મધુર સ્મરણની.

સંબંધ અને સ્મૃતિ :
કશુંય ક્યાં રચાય છે આપણી ઇચ્છાથી?

કેટલાંક સંબંધ સ્મૃતિ બને, કદી ન છૂટે
કેટલીક સ્મૃતિ સાથેનો સંબંધ
કદી ન તૂટે. ■

કૈં જ નહીં કરીનેય
દિવસ પસાર કરતાં મને ફાવી ગયું છે.
સ્વૈચ્છિક નિવૃત્તિના એ આશીર્વાદ.
અન્યથા અતિ વ્યસ્તતાની ટેવને
workoholic જેવું રૂપાળું નામ આપીને
વ્યસ્ત રહેનારાય છે.
એ લોકો કામ વગર રહી શકતા નથી.
પરિણામે કામ વગર રહેવાના સમયને
જીરવી શકતા નથી.
(કામ કરવું જ પડે તેમ હોય કે
ગમતું કામ કરીને મનને રાજી રાખવાની તક હોય
એમની વાત જુદી છે.)
ને એમના સ્વભાવમાંય પરિવર્તન આવે છે.

નિવૃત્તિ એ ક્રમ છે...
તમે ન લો તો કોઈ આપે કે અપાવે.
એ વયમર્યાદાથી વહેલી હોય કે
એ અનુસાર હોય,
એને આનંદવાનું શીખી લેવું જરૂરી.
અને એની એકમાત્ર રીત છે, સ્વીકાર.
આનંદનાં આયોજન ન હોય.
હોવું પોતે જ આનંદ.

એક ઉંમર હોય છે
જ્યારે ડાળ છોડીને ઊડવાની ઉતાવળ હોય છે.
એક ઉંમર આવે છે જ્યારે ડાળ યાદ આવે છે.

આમ બનવું તો સહજ છે
પણ ક્યાંક ક્યાંક
આ nostalgia વળગણ બનતું દેખાય છે.

હકીકત તો એ જ છે કે
જૂનું છૂટી જ ગયું છે,
ક્યાંક પોતે મરજીથીય છોડ્યું છે.
પણ હવે એનું વળગણ વારંવાર વલૂરવાથી વકર્યું છે.
જેમાં છીએ એને બદલે
જે હતો એ સમયખંડમાં જીવવાનો
વલવલાટ દેખાય છે.
ભૂતકાળમાં મૂળ જરૂર હોય,
પણ મહોરવાનું વર્તમાનમાં
ને ખરવાનું ભવિષ્યમાં છે.
ભૂતકાળમાંથી રસકસ ભલે પામ્યા
પણ ખીલ્યા તો વર્તમાનમાં જ ને!
તો વર્તમાન પણ યશભાગી નહીં?

હા,
માણ્યું તેનું સ્મરણ કરવું
એય છે એક લહાણું!
પણ આ વાસ્તવનેય પ્રમાણું! ■

સ્મરણ-સંહિતાનાં પાનાંનું પુનઃ પુનઃ વાચન.

સ્મરણોનો સ્વાદ મીઠો-ખટમીઠો-કડવોય હોય
પણ મન એને મમળાવે છે. કેટલીકવાર યાદ કરીને
તો ક્યારેક સાવ અનાયાસ.
મનને ગમે છે એ વહેંચવાનું.
વહેંચવાથી આનંદ વધે ને વેદના ઘટે.
કેટલીકવાર તો આ બધું ચાલતું રહે વારંવાર.
શ્રોતા બદલાય તો ય ઠીક

ને ન બદલાય તો ય ઠીક.
Repeat telecast જેવું જ કૈંક.
આપણને જોવું ગમે. કોઈને બતાવવું ય ગમે.

આપણાં લગ્નના ફોટા
આપણા વડીલોએ જોયા હોય.
સમવયસ્કો એ જોયા હોય પણ,
આપણાં બાળકોએ ન જોયાં હોય
એટલે એમને એ જોવાં ગમે.
જે નવાં ઉમેરાયા હોય પરિચિતોમાં
એમને રસ પડે. ને એ નિમિત્તે
આપણેય જોઈ લઈએ,
જીવી લઈએ એ સમય ફરી એક વાર... વારંવાર.

પુનરાવર્તનથી દઢીકરણ.
આપણે એના એ
પણ જોનાર
કોઈક વળી નવા ઉમેરાતા જાય.
ને એ વખતે જેમણે જોયાં છે એ કંટાળેય ખરાં...
તો એમને આઘા જવાની
ને પાનું ફેરવવાની છૂટ!
બાકી હું મારા ઝૂલે ઝૂલતાં
ફરીવાર જોતો રહું મારું આલ્બમ...
વાંચતો રહું મારી જ લખેલી ડાયરીનાં પાનાં રસપૂર્વક...

એને પહેલી વાર જોનાર, સાંભળનારને રસ પડે
તો આવકાર... ને પુનરાવર્તન લાગે તો નમસ્કાર.

મારો ઝૂલો..
મારું આલ્બમ...
મારી ડાયરી...
મને મુબારક! ■

Those were the days...

અમારે ત્યાં એક પંખો આવ્યો
ત્યારથી એ ઓરડો 'પંખાવાળો રૂમ' કહેવાતો.
ઉનાળામાં આખો પરિવાર એ ઓરડામાં બપોરાં કરે.

રેડિયો તો વરસો પછી આવ્યો.
વાલ્વવાળા રેડિયોમાં થતી લાઇટ પરથી આંખ ન ખસે.

પપ્પા સ્ટેશન પકડે.

'ગીતોંભરી કહાની' આવે એ કાન માંડીને સાંભળીએ.
ફિલ્મના ઑડિયો ટ્રેક પણ આવે.
નાના હતાં ત્યાં સુધી સિનેમાનાં ગીત ઘરમાં ઓછાં વાગે. "સામને
વાલી ખિડકી..." પર તો બંધી જ.
(અત્યારનાં ગીતો સામે તો એ ક્યાંય નિર્દોષ લાગે.)
કિશોરવયે 'બિનાકા ગીતમાલા'નો પ્રવેશ કરાવી લીધેલો.
બાકી 'હવામહેલ'નાં નાટકો માણતા.

ટેલિફોન તો આખી ગલીમાં એક
'સાહેબ'ને ઘેર.
એમનો નંબર

માત્ર પરદેશમાં પરણાવેલી બહેનને જ આપેલો.
એમના ઘેર ફોન રિસીવ કરવાનું જ ઓછું બનતું
તો કરવાનો તો સવાલ જ નહોતો.
તે સમયે ફોન કર્યા વગર સીધા જ
કોઈનેય ઘેર જવાને કોઈ Bad manners નહોતું માનતું.

ટેલિફોન આવ્યો પછી ટેલિફોન ડાયરીમાં લખવા
Alphabetના બધા અક્ષર પર નામ નહોતાં,
પણ ટેલિફોન ડિરેક્ટરીના થોથામાં
પોતાનું નામ શોધવાની મજા આવતી.

ઉનાળામાં એકાદ સંપન્ન પાડોશીને ઘેર તપેલી લઈને પહોંચી જતા
- ફ્રિજનો બરફ લેવા.
ને એ મોં બગાડે તોય અમને ખરાબ નહોતું લાગતું.
ફ્રિજના બરફના માપસરના ટુકડાનું
અમને આકર્ષણ.
એ સિવાય તો બરફનો મોટો ટુકડો -
લાકડાના ભૂસામાં લાવતા ને ઘર સુધી પહોંચતાં ઓગળે નહીં
એટલે ઉતાવળે પગલાં ભરતા.

ગૅસમાં ગ્રાહક તરીકે નંબર લાગ્યો ત્યારે
કલાકો સુધી લાઇનમાં ઊભા રહ્યાનું યાદ છે.

નાનાં બાળકોના જન્મ પછી ગરમીમાં એ.સી.નો આનંદ
બારીમાં શણના કોથળા લટકાવી
એના પર પાણી છાંટી છાંટીને મેળવેલો.
ને પાણીના પાત્રમાં દૂધની બૉટલ રાખીને ફ્રીઝ બનાવેલું. ઊંઘમાં
દૂધ પાતાં પહેલાં જોવાનું
કે બગડ્યું તો નથી ને!

આજે આ તમામ સુવિધા કેટલી સરળતાથી મળી રહે છે!
ત્યારે પગથિયાં ફટાફટ ચડી જતા
ને આજે લિફ્ટનોય કંટાળો આવે છે. ■

ઉતરાણ...

મને યાદ છે કે આ તહેવારનો આરંભ નાતાલથી જ થઈ જતો.
પતંગ ઊડતા, કપાતા ને પકડવા માટે અમે
આસપાસની સોસાયટીઓ સુધી દોડતા.

જાતે દોરી રંગવાના પ્રયોગમાં 'ડોઘલું' બનાવતા...
કાચની શીશીઓ ભેગી કરીને ખાંડતા ને
ભાતની લુગ્દી બનાવી કાચ પાયેલી દોરી બનાવતા...
સાંકળ–8 ને ગેંડાછાપ ને સુરતની બળેલી...
અનેક દંતકથાઓની માલિક દોરી...

કૉલેજમાં આવ્યા પછી દોરી રંગાવવાને બહાને ફિલ્મ જોવા જતા.

આગલી રાતે પતંગ–દોરી લેવા જવાની અને કિન્યા બાંધવાની
મજા જ જુદી હતી.

બાળપણમાં તો
પહેલો ઉડાડવા પસંદ કરેલા પતંગ સાથે દોરી બાંધી
પથારી પાસે જ રાખતા.
એક વાર તો અતિ ઉત્સાહમાં
આછા અંધારામાં પરોઢિયે જ ધાબે ચડી ગયાનું યાદ આવે છે.

યુવાનીમાં પતંગ સાથે પ્રેમ જોડાઈ ગયો
એટલે ઉત્સવ ઊજવવા પાછળનો હેતુ જ બદલાઈ ગયો.
છૂટ આપવા કરતાં લેવાનું મન વધુ થતું.
બાઇનોક્યુલરનો ઉપયોગ આકાશને બદલે અગાશી પર વધુ થતો.

મિત્રો સાથે સ્કૂટર પર જૂના અમદાવાદની પોળમાંય જતા,
ને છાપરે પતંગનો અનુભવ પણ લેતા.

મને પતંગ ઉડાડતાં ન આવડ્યું પણ
દોરી ન ગૂંચવાય એની કાળજી લેવાનું મારે માથે
ને ‘એ...કાટા’ની બૂમ પણ મારવી ગમે.
તે દિવસોમાં ઠંડીયે બહુ પડતી.
મોડી સાંજે કે રાતે ટુક્કલ ઉડાડવા ધાબે ધ્રૂજતાંય ખરા.
પણ ખરી મજા ઊંધિયું જમવાની...
ને તે ઉપરાંત પણ આખો દિવસ
કૈંક ને કૈંક આચરકૂચર ખાવાનું તો ખરું જ!

ગત વરસના પતંગ પણ સાચવીને રાખ્યા હોય તે ઉતારીએ
ત્યારે એક વરસ જૂનું છાપું વાંચવા મળે!

હવા હોય તો ઉત્સવ.
ન હોય તો અજંપો ને ઉશ્કેરાટ!
પણ જો હવા હોય તો તો
વાસી ઉતરાણ પણ સુવાસી લાગે. ■

ઉત્તરાયણની આગલી રાતે પલંગ પર સુસ્તાઈ રહ્યા છે એ...
અંગડાઈ લીધી છે હમણાં જ
સિલવટમાં લખાઈ છે કથા અપેક્ષાની.
હજી રાત બાકી છે...

કાલ સવારની રાહ જોવાય છે.
સવારે બદલાશે ચિત્ર
બંધાશે નવો જ સંબંધ
રચાશે નવી ઓળખ
ધરતીને મળશે આકાશને ચૂમવાની ક્ષણ
રાહ જુએ છે એ ત્યાં સુધી...

ઊડશે એ તો કપાશે, ફાટશે.
કોઈક વળી લપટાશે
એથી તે કૈં ઘરને ખૂણે લપાઈને બેસાશે?
કરી લો પવનલહરનો સંગ
જો હોય ઊડવાનો ઉમંગ

અગાશી ને આકાશની વચ્ચે કરી લ્યો તમે પસંદ
દોરી કેરી આંગળી પકડી ઊડવાનો આનંદ
કરી લો પવનલહરનો સંગ
જો હોય ઊડવાનો ઉમંગ

સંગનો ઉમંગ માણતાં શીખો ઊડવું બનશે સહેલ
થાવ અનુકૂળ એકમેકને પોતે કરવી પહેલ
કરી લો પવનલહરનો સંગ
જો હોય ઊડવાનો ઉમંગ

કોઈ કાપશે, લૂંટશે કોઈ લપટાવે પણ કોઈ
જેવો જેનો સ્વભાવ, કોઈ જીવ બાળશે જોઈ
કરી લો પવનલહરનો સંગ
જો હોય ઊડવાનો ઉમંગ ■

પતંગ ઉડાડવાની કળા અવલોકનથી સિદ્ધ થાય છે.
એમાં પતંગ-પસંદગી, હવા પ્રમાણે કિન્યાનું માપ,
પતંગમાં કાણાં કરવાનું જ્ઞાન, છૂટ આપવાની કળા,
પતંગને જરૂરી નમણ કે પૂંછડી,
લબૂક પતંગને ઓળખવો,
ઢઠ્ઠો મચડવો, ઠૂમકા મારવા,
છાશ ખાય, લોટે, ગોથ મારે ત્યારે શું કરવું,
પેચ લાગે ત્યારે ઢીલિયા ને ખેંચી મારવા વચ્ચે
યોગ્ય નિર્ણય કરવો, કપાયેલાને લપટાવવો,
લપટાયેલાથી દોરીનું ઝૂમઝૂમ થવું...

પતંગને ઓળખીને ઉડાડવો–
ચીલ, અડધિયો, આખિયો ને ફુદ્દી
બધાને ઉડાડવાની કળામાં વૈવિધ્ય
ફાટેલાને સાંધવાની કળા,
ઢઠ્ઠો તૂટે ત્યારે દીવાસળીથી જોડવો...
કિન્યા તૂટે ત્યારે શું કરવું...
એવી જ કુશળતા ફીરકી પકડવામાં જોઈએ.
ગૂંચ ન પડે તે જોવું, પડે તે ઉકેલવી,
નાની ને મજબૂત ગાંઠ મારવી...
ફીરકી વીંટવાની ઝડપ,
દોરી ટાઇટ વીંટાવી જોઈએ,
ઝોલ કે દાંતી ન પડે તેનું ધ્યાન રાખવું...
એક જ ધાબા પરથી વધારે પતંગ ઉડાડવાના હોય
ત્યારે કેળવવી પડતી સમજ ને સજ્જતા...

આવી જ કળા છે કપાયેલા પતંગને પકડવાની.
ઝોલ લૂંટવાની. ઝંડો લઈને દોડવાની.
આ પ્રવૃત્તિ કળા છે.

પરદેશથી આવેલાને સવાલ થાય કે એ શીખવી ના શકાય?
એને શીખવતી સ્કૂલ કેમ ન હોય?
તો જ નવી પેઢીને એ આવડે ને!
એમને સમજાવ્યું કે આ કળા
કેવળ અવલોકનથી આવડે ને અનુભવથી સુધરે.
આ શોખ વારસામાં મળે...
એ અમદાવાદીના જિન્સમાં હોય.
અહીં ઉડાડવા કરતાં કાપવાના કૌશલનો મહિમા છે.

વડીલોના સીધા માર્ગદર્શનમાં તૈયાર થવાનું હોય.
સંગીતના ઘરાના જેવું,
ઉસ્તાદ કે પંડિત પાસેથી શીખવાનું.
એમની ફીરકી પકડવા મળે તેને સૌભાગ્ય સમજવાનું.

હવા ન હોય, ન ઊડે, ગૂંચ પડે, પેચ લાગે કે કપાય
ત્યારે એમના મૂડને સહન કરવાનો.
દલીલ નહીં. ચર્ચા નહીં.
એ જે સૂચના આપે તે યાદ રાખવાની. એ જ માર્ગદર્શક સિદ્ધાંતો.

સાહેબ, ડાબોડી ને જમોડી હોય એમણે
left and right hand drive જેવું ધ્યાન રાખવાનું.

આ કળાના અભ્યાસક્રમના સર્ટિફિકેટ કે ડિગ્રી ન હોય,
એમાં એકલવ્ય પરંપરા છે. જુઓ અને શીખો.
અંગૂઠો ને આંગળીઓ પરના ઘીસા એ તમારી દક્ષિણા.
આદિમ ઉન્માદના, ઉત્સવના તાલીમવર્ગ ન હોય, સાહેબ!

ઊઠો... જાગો અને પતંગ પ્રવૃત્તિમાં મંડી પડો.
પવન સાનુકૂળ થવાની રાહ ન જોવાય,
આપણે એને અનુકૂળ થઈ જવાય...
વત્સ, વાસી ને સુવાસી બનાવવાનું
આપણા જ હાથમાં છે. ■

બધું બદલાઈ ગયું, ભૈ! પહેલાં જેવું નૈં!
હવે દર તહેવારે ને વહેવારે
એવું લાગેય છે ને બોલાય પણ છે.
અલબત્ત, બોલનારા ને સાંભળનારા એક જ વયજૂથનાં છે.
નવી પેઢી એમાં નથી.
એને એ માટે સમય નથી, એમાં રસ નથી.
એમનાં રસરુચિ જુદાં છે.
અને જેની વાત થાય છે એ 'અસલ'
એમણે જોયું, જીવ્યું નથી એ જાણીને શું કરવું?

ઉતરાણમાં પતંગ ઉડાડવાનો ને પકડવા દોડવાનો આનંદ
નાતાલથી જ શરૂ થઈ જતો.
સ્કૂલેથી આવતાં પતંગ જોતાં ને પકડવાય દોડતાં.
શનિ રવિ એ પકડાયેલા પતંગ ઉડાડતાં.

નાની હાટડીઓ લાગતી. પીલ્લું ને લચ્છામાં દોરી વેચાય.
કોઈકે ગઈ ઉતરાણની ફીરકી સાચવી રાખી હોય.
પણ એ વડીલ પાસેથી માળિયેથી ઉતરાવવી સહેલું નહોતું.
વડીલો આ આગોતરી ઉજવણીના ઉત્સાહને 'ગાંડપણ' કહેતા,
પણ બહુ વાંધોય ન લેતા,
કારણ કે એય ઓછા શોખીન નહોતા.

આજે હવે આવું કંઈ નથી.
વહેલા ઊઠીને ધાબે ચડવાનો ઉત્સાહ નવી પેઢીમાં નથી.
કોઈની બૂમ સંભળાય 'એ લપેટ...' પછીયે નહીં.

એક વાતનો ઉત્સાહ હજીયે છે,
સરસ તૈયાર થઈને ધાબે જવાનો.
કોઈના બાઇનોક્યુલરની રેન્જમાં આવવાની રમ્ય શક્યતાનો.
નાસ્તા–પાણીનો આનંદ છે પણ પીણાંના પ્રકાર શોખ મુજબ!

એય એક વાતનો આનંદ છે કે હજી ઊંધિયું–જલેબી રાજ કરે છે.
નવી પેઢીનાં પાસ્તા-પિત્ઝા સામે એ ટક્યાં છે
કારણ કે હજી આગલી પેઢી સક્રિય છે.
નવી પેઢીને આ કૂથાનું કામ નથી ગમતું.

કેટલાંક ઘરોમાં
તૈયાર ઊંધિયું આયાત થવાય લાગ્યું છે.
પતંગોત્સવમાં ધાબા ને રસોડા
વચ્ચેની દોડધામ ઘટી છે.
ગૃહિણી હરખાય પણ છે ને
પોતાના હાથના સ્વાદની monopoly તૂટવાથી
દુ:ખી પણ...!

બાકી નવી પેઢી આ પતંગકળામાં રસ નહીં લે તો...
એ...
લપેટ...! ■

એક સમયે સારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીના સર્વાંગી કૌશલ્યને વિકસાવવા વિવિધ શિક્ષણ પદ્ધતિ અમલમાં હતી.
આપમાંથી પણ કેટલાકને એનો લાભ મળ્યો હશે.

આરંભે તો સ્લેટ ને પેનનો જ ઉપયોગ થતો.
એને કારણે ઘૂંટવું ને ભૂંસવું સરળ બનતું,
ને કાગળ ન બગડતો.

પછી આવી ડબલ લીટીની નોટ.
એમાં પેન્સિલથી લખવાનું.
અહીં લખવાની પદ્ધતિ જુદી હતી.
એમાં બંને લીટીની અંદર લખવાનું ને અક્ષર ઉપર નીચે અડે.
'ઘ' ઉપર નીચે અડે પણ 'ધ'નું પાંખડું બહાર નીકળે.
બાળપણથી જ એની સ્પષ્ટતા રહે કે
જેથી બંને મૂળાક્ષરમાં ભેળસેળ ન થાય.

એ પછીના તબક્કે સિંગલ લીટીની નોટ આવતી.
એમાં બે લીટી વચ્ચે જગ્યા વધારે હોય.
એમાં ઉપરની લીટીને અડીને અક્ષર લખાય.

તે સાથે અંગ્રેજી લખવા માટે ચાર લીટીની નોટ –
લાલ ને વાદળી – આવતી.
અંગ્રેજી મૂળાક્ષરોમાં પહેલી, બીજી ને ચોથી ABCD

લખવાના નિયમ જુદા!
એ અક્ષરોના મરોડ પણ જુદા!

પ્રાથમિક શાળામાં સુલેખન કરાવતા.
સારા અક્ષરે લખવાનું.

એવું જ મહત્ત્વનું હતું શ્રુતલેખન.
શિક્ષક બોલે એ ધ્યાનથી સાંભળવાનું ને લખવાનું.
એને કારણે લેખનશક્તિ ઉપરાંત શ્રવણશક્તિ અને
સ્મરણશક્તિ પણ કસોટીએ ચડતી.

લેખિત ઉપરાંત મૌખિક કસોટી પણ લેવાતી,
જે વિદ્યાર્થીની સ્મરણશક્તિ ઉપરાંત
સભા-ક્ષોભ વિષે પણ જાણ કરતી.

વધુ એક પદ્ધતિ હતી
વર્ગખંડમાં સહુની હાજરીમાં જોરથી પઠન.
એને કારણે ઉચ્ચારશુદ્ધિ પર પણ શિક્ષકનું ધ્યાન જતું.
જોરથી પઠન કરતી વખતે પઠનની ઝડપ પણ જોવાતી.
સહુને સંભળાય અને સમજાય એ રીતે પઠન કરવાનું.
કોઈક વાર તો વિદ્યાર્થીને વર્ગમાં શ્રુતલેખન કરાવવાની
જવાબદારી સોંપાતી. એટલે પઠનની ઝડપ અને
શુદ્ધિ ઉપરાંત ભાવવાહી પઠન શીખવા મળતું.

આજે હવે એનું મહત્ત્વ સમજાય છે.
વિરામચિહ્નોને સાચવીને, શુદ્ધ ઉચ્ચારમાં,
સમયસંજોગ અનુસારની વાજબી ઝડપ સાથે
સહુને સંભળાય અને સમજાય તેમ બોલવાની
એ તાલીમ કામ લાગે છે.

દેખાવ અને વસ્ત્રો પછી વાણી જ ઓળખ રચે છે,
ને ક્યારેક તો અન્ય બેથી રળેલી ઓળખ પર
વાણી પાણી ફેરવી નાખે છે. ■